જામનગર જીલ્લામાં(પડાણા) જોધપુર ખાતે
આંતરિક વ્યવસ્થા કરીને પોલીસ મથક
શરુ કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પસથ/૧૦૯૮/૪૪૩/વ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૯.૫.૧૯૯૯

સંદર્ભ:-

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., અમદાવાદનો તા.૬/૧૧/૯૮ નો પત્રક્રમાંક: ઈ-૧/૧૫૩૬/ન.સે./૯૯-૨૦૦૦/૧૩૦૩.

ઠ રા વ :-

જામનગર જીલ્લાના જામનગર ગ્રામ્ય ડીવીઝન હેઠળના કુલ-૭ પોલીસ સ્ટેશનો પૈકી લાલપુર પોલીસ સ્ટેશનમાં લાલપુર તાલુકાના તમામ ૭૭(સિત્તોતેર) ગામોનો મુંબઈ સરકારના ગૃહ વિભાગના તા.૨૪/૯/૫૯ ના જાહેરનામા ક્રમાંક:ટીટીસી/૧૪૫૯/૫૬૪૮૯/૬ થી સમાવેશ કરવામાં આવેલ છે. આ લાલપુર પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં કેટલાક સમયથી રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય કંપનીઓ કાર્યરત થતાં ત્યાં મંજૂરો, કર્મચારીઓ અને અધિકારીઓ પરપ્રાંતમાંથી આવેલ છે, તેમજ આવી રહેલ છે. આ વિસ્તારમાં હાલ ૧.૨૫ લાખ જેટલો વસતિ વધારો થયેલ છે અને હજુ વધારો થતો જતો વસતિનો વધારો જોતાં આ વિસ્તારમાં ટ્રાફીકમાં નોંધપાત્ર વધારો થયેલ છે. મજૂર પ્રવૃત્તિઓના કારણે કાયદો અને વ્યવસ્થાની જાળવણીની સમસ્યાઓમાં વધારો થયેલ છે, અને થઈ રહેલ છે. આ પરિસ્થિતિને કારણે લાલપુર પોલીસ સ્ટેશનનું વિભાજન કરીને(પડાણા) જોધપુર ખાતે એક અલગ પોલીસ સ્ટેશન ઉભું કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે લાલપુર પોલીસ સ્ટેશનનું પ્રાદેશિક વિભાજન કરી અલગ વધારાનું નવું (પડાણા) જામજોધપુર પોલીસ સ્ટેશન શરુ કરવા આથી નીચેની શરતોને આધિન સરકારશ્રીની સંમતિ આપવામાં આવે છે.

૧. લાલપુર પોલીસ સ્ટેશન હેઠળના નીચે જણાવેલ ગામોનો નવા(પડાણા) જામજોધપુર પોલીસ સ્ટેશન હેઠળ મુકવાના રહેશે.

(૧) આરબલુસ (૨) ડેરા છીકારી (૩) જોગવડ (૪) ઝાંખર (૫) કાનાછીકારી
(૬) કાનાલુસ (૭) ખટીયાબેરાજા (૮) મોડપર (૯) મેઘનું નામ (૧૦) મેઘપર
(૧૧) મીઠોઈ (૧૨) લખીયા મોટા (૧૩) લખીયા નાના (૧૪) નવાગામ (૧૫) પડાણા
(૧૬) પીપળી (૧૭) રાસંગપર (૧૮) રંગપર (૧૯) સીંગચ (૨૦) સેતાલુસ

: ૨ :

૨. નવા પોલીસ સ્ટેશન માટે કોઈ નવું મહેકમ કે અનુદાન આપવામાં આવેલ ન હોવાથી લાલપુર પોલીસ સ્ટેશનના હાલના મહેકમથી આંતરિક વ્યવસ્થા કરી આ પોલીસ સ્ટેશન હેઠળ મૂકવાના રહેશે. આનુષાંગિક સર્વ સુવિધાઓ પણ આંતરિક વ્યવસ્થાથી ઉભી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.જી.રબારી)
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

નકલ સવિનય રવાના:-

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., અમદાવાદ

- પોલીસ ખાતાની સબંધિત કચેરીઓને આ ઠરાવની નકલો પાઠવવાની વિનંતી સહ.
- ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, રાજકોટ વિભાગ, રાજકોટ
- જીલ્લા પોલીસ અધિકારીશ્રી, જામનગર.

ગોહિયા/ટે.૬૮//